R.N.I. No. : GUJGUJ/2000/447-

અયૂબ ૪૦ : ૧૯

Ahmedabad Jurisdiction

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી, અમદાવાદ-૭

YEAR-26 • ISSUE: 08 DATE: 25-02-17• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## મહારાષ્ટ્રની ચુંટણીઓમાં શિવસેનાએ બાજી મારી : ભાજપની બેઠકો વધી

મહારાષ્ટ્રમાં ૧૦ કોરપોરેશન,૨૫ જિલ્લા પરિષદ અને ૨૮૩ પંચાયતોની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીને જબરજસ્ત સફળતા મળી છે. જો કે સૌથી મહત્વની બાબત એ છે કે મુંબઇ મહાનગરપાલિકાની ચુંટણીમાં શિવસેનાએ વધુ ૮૪ બેઠકો મેળવી છે જ્યારે ભાજપે તેનાથી બ ઓછી બેઠકો મેળવી છે. આમ બેઉ પક્ષો તરફથી પોતાને બહુમતી મળવાનો આશાવાદ સફળ રહ્યો નથી.જો કે ચુંટણી પરિણામોને કારણે રાજકીય ગરમાવો તેજ રહ્યો છે. મુંબઈ નગરપાલિકાનું વર્ચસ્વ કોના હાથમાં જાય છે તે હજુ સુધી નક્કી થઈ શક્યું નથી. શિવસેના અને ભાજપ બેઉ બળીયાઓ પોતાના ગણિતો અંકે કરીને સત્તા મેળવવાના પ્રયત્નો કરી રહ્યા છે.ભાજપે એવું કહ્યુ છે કે તેઓ અપક્ષો સાથે મળીને સત્તા મેળવી લેશે. જ્યારે શિવસેના આ માટે કોશીશ કરી રહી છે. હવે સવાલ કોણ કોને સાથ આપે છે તેના પર આધારિત છે. તમામ પાલિકાઓમાંથી કોગ્રેસનો સફાયો થઈ ગયો છે. જે પ્રકારની ધારણાઓ હતી કે નોટબંધીનું કારણ ભાજપને નડશે તેવું બન્યું નથી.૧૦ પૈકી આઠ કોરપોરેશનમાં ભાજપનો ઝંડો ફરક્યો છે.જિલ્લા પરિષદમાંથી મોટા ભાગની બેઠકો ભાજપને ફાળે ગઈ છે.

જો કે શિવસેનાએ તો મુંબઈના મેયર જ નહીં પરંતુ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શિવસેના જ બનશે એવું કહ્યુ છે.જો કે આંકડાઓ પરથી તારણ કાઢવું જરા વહેલું છે અને અઘરુ છે પરંતુ રાજકારણમાં ક્યારે શું થશે તે કહેવું અઘરુ છે.

## ભારતીય જનતા પાર્ટી કે આરએસએસનું આઝાદીમાં કોઇ યોગદાન નથી : રાહુલ ગાંધી



કોગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ ભારતીય જનતા પાર્ટી અને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ પર આકરા પ્રહારો કરતાં અમેઠીની ચુંટણી સભાને સંબોધતા કહ્યુ હતું ક નફરત ફેલાવનારા આ બંને સંગઠનોએ દેશની આઝાદી માટે કોઈ યોગદાન આપ્યું નથી.તેમણે દેશને ન તો મહાત્મા ગાધી આપ્યા કે ન તો સરદાર પટેલ આપ્યા છે.રાહુલે આરોપ લગાવ્યો હતો કે વડાપ્રધાન મોદી દેશને વહેચવા અને તોડવાની રાજનીતી કરી રહ્યા છે. જાતિને જાતિ સાથે અને ધર્મને ધર્મ સાથે લડાવવાની મોદીની આદત બની ગઈ છે.તેણો ઉત્તરપ્રદેશમાં પણ એ જ કરી રહ્યા છે.રાહુલે કહ્યુ હતું કે મોદીજી અગાઉ ખુશ જોવા મળતા હતા પણ યુપીમાં ગઠબંધન( સપા-કોગ્રેસ) પછી તેમનો ચહેરો ઉતરી ગયો છે.અને હવે તેઓ નફરતની રાજનીતી કરી રહ્યા છે.તેમનો મુડ બદલાઈ ગયો છે અને તેઓ અગાઉની જેમ લોકોને વિભાજીત કરવાનું કામ કરવા લાગ્યા છે.

રાહુલે કહ્યુ હતું કે ના હિન્દુ બનેગા ન મુસલમાન બનેગા,ઈન્સાન કી ઔલાદ હે ઈન્સાન બનેગા ગીતનો ઉલ્લેખ કરતાં કહ્યુ હતું કે મોદી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની વિચારધારાવાળું હિંન્દુસ્તાન નહી બનાવી શકે.

## અમેરીકી પ્રમુખ ટ્રમ્પના આદેશાનુસાર ગેરકાનુની વસવાટ કરતાં ભારતીયો માટે હકાલપટ્ટીની લટકતી તલવાર

અમેરિકાના નવા ચુંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા બીજા દેશોમાથી આવીને અમેરિકામાં ગેરકાયદેસર વસવાટ કરનારા ઈમીગ્રન્ટસે માટે કડક કાયદા અમલમાં મુકવાનને કારણે ભારતીય-અમેરિકન સમુદાયના આશરે ૩ લાખ લોકોને તેની અસર પહોચશે.ટ્રમ્પના શાસનમાં લાખો લોકોને યુએસમાંથી કાઢી મુકવાનું જોખમ તોળાઈ રહ્યુ છે.ટ્રમ્પ સરકાર દ્વારા ગેરકાયદે રહેતા લોકોને હાંકી કાઢવાની પ્રક્રિયા ઝડપી બનાવવાના આદેશ અપાઇ ચુક્યા છે.બિનસત્તાવાર રીતે અમેરિકામાં ૩ લાખથી વધુ ભારતીયો વસવાટ કરે છે જેની પાસે કાયદેસરના દસ્તાવેજો નથી. સરકારે જણાવ્યુ છે કે ગંભીર ગુનાની સાથે સામાન્ય ટ્રાફિક ભંગ કરનારને પણ ડિપોર્ટ કરવામાં આવશે.સરકારી સુત્રોના જણાવ્યા મુજબ અમેરિકામાં ૧.૧૦ કરોડથી વધુ લોકો કાયદેસરના દસ્તાવેજો વગર અમેરિકામાં વસવાટ કરી રહ્યા છે.ઈમીગ્રેશન કાયદાઓનો દુરપયોગ કરનાર અને છટકબારીઓ શોધનારા લોકો પર પણ તવાઈ આવશે.ટ્રમ્પ સરકાર દ્વારા નવી ઈમીગ્રેશન એન્ફોર્સમેન્ટ પોલીસીની જાહેરાત કરવામાં આવી છે. જેનો અમલ કરવાથી યુએસમાં ગેરકાયદે રહેતા લાખો લોકો પર હકાલપટ્ટીની તલવાર તોળાઈ રહી છે.જેના સામે ગુન્હા છે તેમને તુરતજમાં હાંકી કઢાશે.

## મોદીમાં હિંમત હોય તો અમિત શાહની સંપત્તિ જાહેર કરે : શિવસેના



શિવસેના ભાજપ પ્રમુખ અમિત શાહ અને પક્ષના નેતાઓની સંપત્તિ જાહેર કરવાનું સાહસ બતાવવા વડાપ્રધાન મોદીને આહ્વવાન કર્યુ છે.સામે ભાજપે પણ શિવસેના ના ઉધ્ધવ ઠાકરેની વિલ્કતો અને ધિરાણમાં તપાસ કરવાનો પડકાર ફેક્યો છે.શિવસેનાના સાંસદ રાહુલ શેવાલે જણાવ્યુ છે કે ભાજપ ઠાકરે પરિવાર અને સેનાના નેતાઓ સામે ભ્રષ્ટાચારના પાયા વગરના આક્ષેપો મુકી રહ્યા છે.આવા દાવાઓ કરતાં પહેલાં હું વડાપ્રધાનને કહું છું કે તેઓ અમિત શાહ સહિત ભાજપના રાષ્ટ્રીય નેતાઓની સંપત્તિ અને અસ્કયામતો જાહેર કરવાનું સાહસ બતાવે.

## સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયામાં અન્ય પાંચ બેન્કોનું વિલિનીકરણ થશે

સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયામાં પાંચ સહયોગી બેન્કોની વિલિનીકરણ પ્રક્રિયા આગામી ૧ એપ્રીલથી થશે. ૨૦૧૭ના બેન્કીગ ઈતિહાસમાં સૌથી મોટી ઘટના આ એકત્રીકરણની બનશે.સ્ટેટ બેન્ક ઓફ બિકાનેર એન્ડ જયપુર,સ્ટેટ બેન્ક ઓફ મૈસુર, સ્ટેટ બેન્ક ઓફ ત્રાવણકોર, સ્ટેટ બેન્ક ઓફ પતિયાલા, અને સ્ટેટ બેન્ક ઓફ હૈદ્રાબાદની અસ્કયામતોને ૧ લી એપ્રીલથી મુખ્ય બેન્ક સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા બેન્કને તબદીલ થશે.આ મર્જરને પગલે એસબીઆઈ વૈશ્વીક સ્તરની ધિરાણકર્તા બનશે અને તેની કુલ એસેટ બેઝ રુ.૩૭ લાખ કરોડની થશે.પાંચ સહયોગી બેન્કોના વિલિકરણને પગલે એસબીઆઈની કુલ શાખા વધીને ૨૨,૫૦૦ની થશે. તેમજ એટીએમની સંખ્યા વધીને ૫૮૦૦૦ની થશે.બેન્કના કુલ ગ્રાહકોનો આંક ૫૦ કરોડને આંબી જશે.સહયોગી બેન્કોનો બોર્ડ ઓફ ડીરેક્ટરર્સ અને એક્ઝીક્યુટીવ ટ્રસ્ટીને બાદ કરતાં ઓફિસર્સ અને કર્મચારીઓ એસબીઆઈના કર્મચારીની ઓળખ મેળવશે.આમ ઘણા વખતથી ચાલી રહેલ પ્રક્રિયા પુરી થશે.દેશના વિશાળ નેટવર્કમાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા અગ્ર સ્થાને રહેશે.

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવક્રાંતિ

ચુંટણીના માહોલે રાજકીય સ્તર એકદમ નીમ્ન સ્તરે લાવી દીધું છે. કોઈપણ જાતની આચારસંહિતાનું પાલન કર્યા વગર નેતાઓ બેફામ બનીને બોલતા રહ્યા છે જેમણે જાળવવાનું કામ કરવાનું છે તેવા સત્તા પર બેઠેલા નેતાઓ આ તિકડમબાજીમાં સામેલ થયા પરિણામે ચુંટણીમાં રાજકીય પક્ષોનું સ્તર એકદમ હલકી કક્ષા પર પહોચી ગયું છે.

સહુ પ્રથમ તો ચુંટણી મુદ્દાઓ ભુલાઈ ગયા છે. દેશના નાગરિકોની ભલાઈ,વિકાસ તેમની જરુરીયાતો માટે યોગ્ય સુવિધાઓની વ્યયસ્થા વિગેરે કરવાની ખાત્રી આપવો બદલે નેતાઓ સ્મશાનો,કબ્રસ્તાનો,મંદિરો જેવી કટ્ટરવાદની ભાષામાં વાતો કરવા લાગ્યા છે.જો કે ભારતીય જનતા પાર્ટીની  અમુક કટ્ટરવારી કેડેર પાસેથી આવી અપેક્ષાઓ રાખવી વધુ પડતી છે.તેઓ હંમેશા હિદુત્વ અને કટ્ટવાદી વિચારસરણી સાથે જોડાયેલા છે તેઓ તે રીતે જ વર્તશે એમ માની શકાય. પરંતુ જેમની પાસેથી દેશ સમગ્ર સારી અપેક્ષાઓ રાખીને બેઠો હોય ત્યારે તેમના ચુંટણી પ્રચારના નિવેદનોથી દેશના નાગરિકોમાં એક પ્રકારની હતાશા વ્યાપી જાય.અજુગતી બાબતોને કારણે જે આબરુ ઉભી થયેલી છે તેનો આંક દિવસે દિવસે ઘટતો ચાલ્યો છે.પરિણામે હજુ તો દિલ્હી દુર છે. સંસદની ચુંટણીઓઆવવાની હજુ વાર છે ત્યાં સુધીમાં આંક કેટલો નીચો જશે કે ઉંચો તે સમજવુ ભારે કઠીન રહેશે.

## મંતવ્ય

ભારતીયોને અમેરિકાનું ઘેલુ લાગેલું છે.મોટાભાગના લોકોને અમેરિકા જવું અને ડોલર કમાવી લેવાની ઉતાવળ હતી.દેશમાંનું યુવાધન ગમે તે ભોગે યુએસના વિઝા મેળવીને ત્યા જઈને ગેરકાયદેસર વસવાટ કરી સ્થાઇ થઈ જવાની ગણતરી કરતા હતા.કેટલીક કોડભરી કન્યાઓને સ્વપ્રામાંપણ અમેરિકાના રહેતા જ મુરતીયા દેખાતા હતા.જેમાં અનેકો પસ્તાઈ પરંતુ આ મોહ ઘટ્યો નહોતો.કેટલાક નોન રીલાયેબલ ઈન્ડીયન્સે આવી અનેક કોડભરી કન્યાઓના સપનાઓ ભાંગીને ચુર કરી નાંખ્યા તોય અમેરિકાનો મોહ અકબંધ રહ્યો હતો.એક વખત એવું હતું કે તત્કાલીન મુખ્યમંત્રીએ અમેરિકા જવા માટે ત્રાગા કર્યા પરંતુ અમેરિકાના વહીવટીતંત્રએ તેમને અમેરિકાનો વીઝા આપવાનો ઈન્કાર કરી દીધો.પરંતુ જ્યારે તેઓ વડાપ્રધાન બન્યા ત્યારે સત્તાના જોરે તેમણે પણ અમેરિકાના દમામભેર પ્રવાસો કર્યા અને અમેરિકા જવાનું પોતાનું સપનું પુરુ કર્યું.ખેર આ બધી વાતો ભુતકાળની થઈ હવે હાલના સમયમાં જે બની રહ્યુ છે તે ઉપર નજર નાંખો.

તાજેતરમાં અમેરિકાના પ્રમુખ તરીકે ચુંટાઈ આવેલા ડોનાલ્ડ ટ્રમ્પે નવી પોલીસીઓ જાહેર કરી તેમાં અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેલા વસાહતીઓને બિસ્તરા બાંધી સ્વદેશ પાછા જવાનો વખત લાવી દીધો છે.આ એજ લોકો છે જેમણે અમેરિકામાં ભારતીય વડાપ્રધાનને ઓબામાના સત્તાકાળ દરમિયાન કંઈક કરવા માટે ભારે સમુહમાં એકઠા મળીને તેમનું અભિવાદન કરીને અમેરિકામાં જંગી મેદની ઉભી કરીને વડાપ્રધાનનું સન્મામ કરેલું તેમજ ચુંટણીઓ વખતે ડોલરીયા ફંડ પણ આપેલું.

હવે નવી ઈમીગ્રેશન એન્ફોર્સમેન્ટ પોલીસીનો અમલ કરવામાં આવ્યો તેથી અમેરિકામાં વસવાટ કરતાં ૩ લાખથી વધુ ભારતીયોના ભાવિ અંધકારમય બની ગયાં.જેમાં મોટા સમુહમાં ગુજરાતીઓનો સમાવેશ થાય છે.ખેડા જિલ્લા અને મહેસાણા જિલ્લા જેવા ગુજરાતના ખાસ જિલ્લાઓ પૈકીના નાગરિકો યેનકેન પ્રકારે અમેરિકા શરણ થયા છે.તેમને માટે માઠા દિવસો આવ્યા છે.સહુ પ્રથમ એવા લોકોની અમેરિકન વહીવટી તંત્ર શોધશે જેઓ નાના મોટા ગુનાઓ કરેલા છે તેમને સૌથી પહેલા ડિપોર્ટ કરી દેવાશે.આપણે ત્યાં આવા નાના મોટા ગુના કરવા સરળ અને સહેલા છે અને છટકી જવાય છે.જેને યુએસમાં કડકાઈથી અમલ કરાવાય છે.વિઝા પુરા થઈ ગયા બાદ જેઓ રોકાઈ ગયા છે તેમના પર કડકાઈ કરવામાં આવશે.મોટા સ્ટોર્સમાં આવા ગેરકાયદે વસાહતીઓ કામ કરતાં હોય છે ત્યાંથી છેલ્લા એફબીઆઈએ પાડેલા દરોડામાં પકડાયેલાઓને સીધા એરપોર્ટ લઈ જઈને ડીપોર્ટ કરી દેવાયા હતા.પહેરેલે કપડે વિદાય કરી દેવાયા તેનુ દુ: ખ થાય પરંતુ કાયદાનો અમલ ટ્રમ્પ સરકાર જે રીતે કરી રહી છે તેનાથી અમેરિકામાં અસંતોષ છે પરંતુ ફાંફા વ્યર્થ છે.


ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો`જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક:એ. એમ. મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# જીભને જીતવી એ બધી જ વસ્તુઓને જીતવા બરાબર છે

આજકાલ ચુંટણીના માહલોમાં દરેક પક્ષના નેતાઓ એમની જીભનો આસ્વાદ સહુને કરાવે છે.એમની જીભ દ્વારા વિવિધ બાબતોની જાણકારી આપણનો મળી રહે છે.એકબીજના ચારિત્ર હનન અને ઉતારી પાડતી  બાબતોથી એમના પ્રત્યનો આદર અને માન ઘટી જાય છે.જો ખરેખર તેઓની જીભ સંયમથી વર્તે તો ચુંટણીઓ વધુ સારી બની શકે.તમારી યોગ્યતા પુરવાર કરવાની છે.તમારી જીભ દ્વારા કોઈને ઉતારી પાડવામાં મોટાઈ નથી.

દરેક માણસાને જુદી જુદી ચીજવસ્તુઓ ખાવાનો શોખ હોય છે.દરેકને જુદો જુદો સ્વાદ હોય છે. આ સ્વાદ જે છે તે જીભ સાથે સીધો સંકળાયેલો છે. આપણા શરીરના દરેક અવયવની પોતાની કામગીરી ઈશ્વરે નિર્મિત કરેલી છે.આંખનું કામ જોવાનું, નાકનું શ્વાસોચ્છવાસ કરવાનું અને મોઢાનું કામ ખાવાનું છે. દાંતનુ કામ ખોરાક ચાવવાનું છે અને જીભનું? જીભનુ મુળ કામ તો મોઢામાના ખોરાકને આઘોપાછો કરીને એમાં લાળ ભેળવવાનું હોય છે.જીભ એ સ્વાદની ઈન્દ્રીય છે.પણ માણસ જાતે જીભનો ઉપયોગ બોલવાની ક્રિયા સાથે જોડ્યો છે.સ્વાદની સાથે સાથે એ ભાષાના ઉચ્ચાર-વાણી માટે પણ વધારાની કામગીરી કરે છે.જીભ-સ્વાદ અને વાચા એમ બેવડી ભુમિકા ભજવે છે.જીભ માટે આપણી ભાષામાં અનેક રૂઢીપ્રયોગો કહેવાતા ઉખાણા મળે છે.પણ આપણે તો એની બોલવાની કર્મેન્દ્રીય તરીકે ન જોતા સ્વાદેન્દ્રીય તરીકે ઓળખવી જોઈએ તો સ્વાદ પારખવાની અને સ્વાદ ચાખવાની કામગીરી માત્ર જીભની જ છે.મોઢામાંથી ગળા નીચે ખોરાક ઉતરે ત્યારથી એના સ્વાદનો અનુભવ પુરો થાય છે.ખાટો-તીખો-તુરો-કડવો-આ બધા જ સ્વાદની પરખ જીભ દ્વારા જ થાય છે.દરેક વ્યક્તિને ખાવા માટે જુદા જુદા સ્વાદ પસંદ હોય છે.બધા જ સ્વાદ બધાને અનુકુળ હોતા નથી.આપણે જે વસ્તુ ચાખીએ છીએ તે રસનેન્દ્રીયથી જે અનુભવ થાયછે. એ સ્વાદ છે સ્વાદનો શોખ હોય, પણ પોતાની  શરીરની જરુરીયાત પ્રમાણે જ એને લેવામાં આવે તો વાંધો નથી.સ્વાદ એક એવી બાબત છે,જેને એનો ચટકો લાગે તે એને છોડી શકતો નથી.ઘણી વખત માણસ આવી આંધળી સ્વાદભક્તિ મૃત્યુ સુધી પણ લઈ જતી હોય છે. સ્વાદને જીતવો સહેલી બાબત નથી. ગાંધીજીએ કહ્યું છે : જેણે સ્વાદને જીત્યો નથી એ વિષયને જીતી શકતો નથી, સ્વાદને જીતવો કઠીન છે,પણ એ વિજયની સાથે જ બીજો વિષય સંભવે છે.આપણાં શાસ્ત્રોમાં પણ કહ્યું છે : જેણે રસ જીત્યો તેણે જગતને જીત્યું , એ રીતે સ્વાદના જયનો મહિમા ગાવામાં આવ્યો છે.સ્વાદની શક્તિ અમાપ છે.દરેકને સ્વાદની જરુરીયાત અલગ અને ઓછી વત્તી હોય છે. જીભ ઉપર ઝીણી ઝીણી ફોડકીઓ જેવા સ્વાદઅંકુરો રહેલા છે.એમાંથી નીચલી નાડીઓમાં શાખા જાય છે જેથી જીભ જુદા જુદા સ્વાદ કે રસો ચાખી શકે છે.

કેટલીક વસ્તુઓ આપણને અધિક સ્વાદિષ્ટ લાગતી હોય, એ ખાવામાં પ્રમાણભાન અતિ જરુરી છે. અકરાંતિયાની જેમ ખા ખા કરવાથી તે રોગને આમંત્રણ આપે છે. ભાવતી વસ્તુ વધારે ખાવી એના કરતાં તે ઓછી ખાઈને એનો સ્વાદ માણી શકાય છે.ભાવતી વાનગી પ્રત્યેનો વધારે પડતો ભાવ માણસને મૃત્યુનો માર્ગ ચીંધતો હોય છે.સ્વાદને માણવો એ એક અલગ પ્રક્રિયા છે.અને સ્વાદને પેટમાં મન ફાવે તેમ ભરવો તે બીજી બાબત છે.આપણે જાણીએ છીએ કે જે વસ્તુ પ્રત્યે આપણને વધારે આર્કષણ હોય તે વધારેમાં વધારે દુ:ખી કરે છે.આપણા શરીરને અનુકુળ ન હોય છતાંય આપણને એનો સ્વાદ દાઢે લાગ્યો હોય, તો પણ એનો ત્યાગ કરવો એમાં જ આપણું શ્રેય છે.ચીનમાં કહેવત છે : ઓછુ ખાવ-લાંબુ જીવો. આપણા શાસ્ત્રોમાં પણ એ જ વાત ઢોલ વગાડીને કહેવામાં આવી છે.આપણે આગળ કહ્યું એમ જીભને જીતો, જીભને બે રીતે જીતવાની હોય છે. એક તો એનો સ્વાદ અને બીજી એની વાણી. સ્વાદને જીતો તો નિરોગી રહેશો અને વાણી જીતશો તો સંસાર સાથે પ્રેમમય રહેશો.મહાત્મા ગાંધીએ કહ્યું છે : જીભને જીતવી એ બધી જ વસ્તુઓ જીતવા બરાબર છે.જીભ ધારે તો આ વિશ્વનો વિનાશ નોતરી શકે છે.જીભથી આપણો અંત આવી શકે,જીભનો સ્વાદ વિનાશને પણ બોલાવી શકે છે.જે જે વધારે સ્વાદિષ્ટ હોય તેને ઉત્તરોત્તર ખાવું જોઈએ. સ્વાદનો આનંદ લેવો જોઈએ. આપણું પેટ કોઈ ગટર નથી કે ગમે તે અંદર નાખી શકાય.જો એવું થાય તો એના પરિણામ કેવા આવે છે. એનો આપણને અનુભવ છે.

જે કંઈ ખાઈએ છીએ એનો સ્વાદ માત્ર ને માત્ર ભાષા દ્વાર જ થાય છે.જીભ જો સ્વાદ રહિત બની જાય તો આપણને કોઈપણ રસની કશી જ ખબર પડે નહી.જેટલા ખાદ્ય પદાર્થ છે એનો સ્વાદ જીભના આગળના ભાગ સાથે ક્ષણભરના સંયોગથી છે.ગળાની નીચે ઉતર્યો કે સ્વાદિષ્ટ અને સ્વાદહીન ભોજન બંને એક છે.મોઢામાંથી કોળીયો નીચે ઉતરતાંની સાથે જે એનો સ્વાદ આપણે માણી શકતા નથી.એક ક્ષણ માટેનો આનંદ આપણને કેવા કેવા રંગ બતાવતો હોય છે.આપણે જાણીએ છીએ કે જીવનમાં સંયમ મહત્વનો છે. જો આપણે આપણી જીભ ઉપર સંયમ રાખતા શીખી જઈએ તો કોઈપણ પ્રકારનો પ્રશ્ન રહેતો નથી.સ્વભાવ અનો સ્વાદનો કાબુમાં રાખતા શીખો.સારો સ્વાદ અને સારો સ્વભાવ માણસની ઉંચાઈ વધારે છે.સ્વાદનો સબંધ જીભની જેમ સ્વાસ્થ સાથે પણ છે.વધારે પડતા ચટકા વધારે રોગ નિમંત્રે છે.સ્વાદ પ્રત્યે રાગ હોવો ન જોઈએ.કોઈપણ વસ્તુ પ્રત્યેનો અતિરાગ જીવનને ડુબાડતો હોય છે.આપણે જીવવા માટે ખાવું જોઈએ.ખાવા માટે જીવવાની જરુર નથી.કેટલાક લોકો તો માત્ર ખાવા માટે જ જીવતા હોય એવા અનુભવ થાય છે.એવા લોકોને ઈશ્વર વહેલા બોલાવતો હોય છે.

સ્વામી રામતીર્થે કહ્યું છે : જગતના લોકો જેને મજા અથવા સ્વાદ કહે છે, તે પોતાની ઝેરીલી અસર કર્યા વિના કેવી રીતે રહી શકે ?જેને સ્વાદના ચટકા છે, એ ઝેર સમાન છે. આપણે જે ખાવાની વધારે ઈચ્છા હોય એનો યોગ્ય માત્રામાં જ ઉપયોગ થાય એ જરુરી છે.વધારે ખાઓ-સ્મશાને જાઓ,એવો ઘાટ થાય છે.

ડૉ.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

# સરકારના ડીજીટલ વ્યવહારમાં વેપારીઓ અને લોકોને રસ નથી

એક તરફ સરકાર ડીજીટલ વ્યવહારને પ્રોત્સાહન આપવાના પ્રયાસ કરી રહી છે ત્યારે બીજી તરફ ફક્ત રોકડમાં ચુકવણી કરવા માટે કેટલાક વેપારીઓ જિદ કરી રહ્યા છે. સામાન્ય  લોકોને પણ રોકડમાં ચુકવણી કરવામાં જ રસ છે જે સરકારને દેખાતું નથી.નોટબંધીના ૧૦૦ દિવસ બાદ કરાયેલા એક સર્વેમાં ૫૬ ટકા વેપારીઓ ડીજીટલ ચુકવણી માટે તૈયાર નથી.સીઆઈઆઈના સર્વેમાં આ વિગતો આવી છે.મુંબઈ માં ૮૭ ટકા અને દિલ્હીમો ૬૮ ટકા લોકોએ ખરીદી માટે રોકડને સારામાં સારો વિકલ્પ ગણ્યો છે. ગામડાઓમાં ડીજીટલ વ્યવહારને કોઈ માન્યતા નથી.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332





# તામિલનાડુના મુખ્યમંત્રી બનવાનું સપનું કો'કનું અને કળશ ઢોળાયો કો'કના પર : સુપ્રીમ કોર્ટના ચુકાદાએ તામિલનાડુના રાજકારણમાં સુનામી સર્જી

શશીકલાના વિશ્વાસુ સાથી પલાની સ્વામીએ રાજ્યપાલ સમક્ષ સરકાર રચવાનો પોતાનો દાવો પેશ કર્યો હતો.રાજ્યપાલ વિદ્યાસાગર રાવને મળીને તેમણે તામિલનાડુમાં સરકાર રચવા માટેનો દાવો તેમની મુલાકાત દરમિયાન કર્યો હતો.તેમણે તેમના દાવાના સમર્થનમાં ૧૨૪ ધારાસભ્યોની યાદી સુપ્રત કરી હતી.આમ હવે તામિલનાડુમાં નવા રાજકીય સમીકરણો આકાર લઈ રહ્યા છે.બીજી તરફ જયલલિતાની ભત્રીજી દીપા જયકુમારે વિધિસર રાજકારણમાં ઉતરવાનું નક્કી કરી દીધું છે. જો કે રાજ્યપાલ કોને મુખ્યમંત્રી પદના શપથ લેવા અને મંત્રી મંડળની રચના કરવા કહેણ આપશે તે આદેશો આવ્યા બાદ ખબર પડી જશે. પલાની સ્વામીએ પોતાની સાથે રહેલા ધારાસભ્યોની યાદી રાજ્યપાલશ્રીને સુપ્રત કરી હતી તે સમયની તસવીરતામિલનાડુના સુપ્રીમો ગણાતાં જયલલિતાના નિધન બાદ તામિલનાડુના મુખ્યમંત્રી તરીકે ગાદી પર બિરાજવાનું સપનું જોતાં જયલલિતાના સખી શશીકલાને ૨૦ વર્ષ જુના અપ્રમાણસર સંપત્તિના કેસમાં સુપ્રીમ કોર્ટે કસુરવાર ઠેરવતાં તામિલનાડુના રાજકારણમાં એક નવો રસપ્રદ વળાંક આવ્યો છે.એઆઈડીએમકેના પ્રમુખ બનેલા શરીકલા હવે તામિલનાડુના મુખ્યમંત્રી નહીં બની શકે. કોર્ટે તેમને અપ્રમાણસર સંપત્તિના કેસમાં દોષિત જાહેર કર્યા છે.કર્ણાટકની એક સ્પેશીયલ કોર્ટમાં અપાયેલ ચુકાદામાં શશીકલાને ચાર વર્ષ સુધી જેલમાં જવાનો વારો આવ્યો છે.એટલું જ નહી પર તેઓ કાયદા પ્રમાણે આગામી ૧૦ વર્ષ સુધી ચુંટણી પણ લડી શકશે નહીં.શશીકલાની સાથે સાથે સુપ્રીમ કોર્ટે પુર્વ મુખ્યમંત્રી જયલલિતાનો પણ આ કેસમાં સંડોવણીી હોવાનું જાહેર કર્યુ છે અને તેમની આકરી ટીકા પણ કરવામાં આવી છે.સુપ્રીમ કોર્ટે શશીકલાને તત્કાલ આત્મસમર્પણ કરવાની સુચના આપી છે.જો કે તે માટે કોઈ સમય મર્યાદા નક્કી કરાઈ નથી.શશીકલાએ આત્મસમર્પણ માટે ચાર સપ્તાહનો સમય માંગ્યો છે.દરમિયાન તેમણે તેમની પાર્ટીમાં પોતનો વ્યુહ ગોઠવવા માંડયો છે. તેમણે તેમના હરિફ મનાતા પનીસસેલ્વમ સહિત અન્યો તેમની તરફદારી કરતાં ૨૦ સભ્યોની પક્ષમાંથી હકાલપટ્ટી કરી છે.૨૦ વર્ષ જુના આ કેસમાં પોતના ૫૭૦ પાનાના ચુકાદામાં સુપ્રીમ કોર્ટે શશીકલાને જયલલિતા સાથે કાવતરુ કરવાના મામલે દોષિત ઠેરવ્યા છે.પલાની સ્વામી એવા ઈડાપટ્ટી પલાની સ્વામીને મુખ્યમંત્રી બનાવવા માટે શશીકલાએ તૈયારી કરી લીધી છે. જેથી હવે એવું મનાય છે કે તેઓ તામિલનાડુના નવા મુખ્યમંત્રી બની શકે છે.સમીકરણો રાતોરાત બદલાય છે. હરિફ જુથના પનીરસેલ્વમે પણ પોતાની રીતે પોતાની રાજકીય પેતરાબાજી ચાલુ રાખી છે.વિરોધપક્ષો તરફથી તેમને કેવો પ્રતિસાદ મળે છે તે આગળ ઉપર તેમનું ભાવિ નક્કી કરી શકે છે.

સુપ્રીમ કોર્ટે શશિકલાને દોષિત ઠેરવ્યા કે તુરતજ તેમણે તેમના હરિફને તેમના પક્ષમાંથી હાંકી કાઢવા માટેની ગતિવિધિઓ તેજ કરી દીધી હતી.

પક્ષમાં બળવો કરી ચુકેલા પનીરસેલ્વમના હાથમાં કોઈપણ રીતે સત્તા ના જાય તે માટે તેમણે ચુકાદા બાદ સૌથી પહેલાં પનીર સહિત ૨૦ તેમના સાથીદારોને પક્ષમાંથી કાઢી મુક્યા હતા.શશીકલા સામે બળવો કરીને મુખ્યમંત્રી પદ હાંસલ કરવાનું તેમનું સપનું પણ સાકાર થઈ શક્યું નથી. જો કે ગર્વનર તેમને ફ્લોર પર તેમની બહુમતી સાબિત કરવાની તક આપે તેના પર સમગ્ર આધાર રહેલો છે.

ન્યાયની બાબતમાં ભારત વિશ્વમાં અત્યંત નીચા ક્રમે આવે છે. પરંતુ વીસ વર્ષ બાદ શશીકલા અને જયલલિતાના અપ્રમાણસર સંપત્તિના કેસમાં સુપ્રીમ કોર્ટે જે ચુકાદો આપ્યો પછી લોકોને હજુ ન્યાયતંત્ર જીવીત છે તેમ લાગ્યું.સુપ્રીમ કોર્ટે દસ મીનીટમાં પોતાનો ચુકાદો જાહેર કર્યો .નીચલી કોર્ટોમાં વગદાર લોકો,રાજકારણીઓ ,માફીયાઓ પોતાના બળે અને પુરાવા નષ્ટ કરી નાંખવાના કે અભાવે છુટી જાય છે.આ પહેલા કર્ણાટકની સ્પેશીયલ કોર્ટે જયલલિતા અને શશીકલા સહિત અન્યોને નિર્દોષ બરી કર્યા હતા.જો કે સ્પેશીયલ જજ જોન માઈકલ દ'કુન્હાએ જયલલિતા અને શશીકલાનો જેલની સજા કરી હતી.અને તેની સામે કર્ણાટકમોં અરજી કરવામાં આવી હતી.કર્ણાટકની હાઈકોર્ટે એકજ ધડાકે સ્પેશીયલ કોર્ટેના તારણો ફગાવી દઈને આરોપીઓને મુક્ત કરી દીધા હતા.જેની ખુબજ ચર્ચાઓ થઈ હતી.કર્ણાટક સરકારે પછી આ આદેશનો સુપ્રીમમાં પડકાર્યો હતો.છેવટે આ કેસ ૨૦ વર્ષે અંતિમ મંઝિલે પહોચ્યો હતો.જો કે આ કેસના મુખ્ય આરોપી જયલલિતાનું આ નિવડો આવે તે પહેલા નિધન થઈ ચુક્યુ છે.જો કે સુપ્રીમ કોર્ટે જયલલિતાની ભુમિકા વિશે પણ પોતાના ચુકાદામાં ખુબજ સુક્ષ્મ નોધ લીધી હતી.હાઈપ્રોફાઈલ કેસ હોવાથી લોકોને શંકા તો હતી કે જે આ પહેલા કર્ણાટકની હાઈકોર્ટમાં બન્યું કદાચ તેવુ પણ બને.પરંતુ શંકાઓ ખોટી નીકળી.પુર્વ મુખ્યમંત્રી જયલલિતાએ એકઠી કરેલી સંપત્તિ રુ.૬૬,૪૪,૭૩,૫૭૩ની હતી જેની તપાસ સોપાઈ હતી.લોકોની મહેનતના નાણાં લુંટતા રાજકારણીઓને ફક્ત ન્યાયાલયોમાં યોગ્ય જ સબક શીખવાડી શકાય.પરંતુ જો યોગ્ય વ્યવસ્થા ઉપલબ્ધ બની શકે તો.કારણકે હાલમાં સુપ્રીમ કોર્ટ અને કેન્દ્ર સરકાર વચ્ચે ન્યાયાધીશોની નિમણુક બાબતે ઉગ્ર ફસાદ ચાલી રહ્યો છે.જેમાં સુપ્રીમ કોર્ટનું તારણ એવું છે કે સરકાર પોતાના મળતીયાઓને જ મુકવા માંગે છે. જો એવું બની જાય તો માત્ર સરકારના વિરોધીઓ વિરુધ્ધ જ ચુકાદા જોવા મળે.ચુકાદાઓમાં જેટલો ઓછો સમય માં ન્યાય આપી શકાય તે વધુ યોગ્ય બની રહે પરંતુ તેમ થતુ નથી. આ કેસનો ચુકાદો માત્ર ૨૦ વર્ષમાં આવ્યો. છતાં ચુકાદાથી વિશ્વાસ ઉભો થયો કે હજુ પણ ન્યાયતંત્ર સાબુત છે.દેશમાં કોઈપણ રાજકીય પક્ષ હોય અને જે સત્તા પર આવ્યો હોય તો તેની સ્લેટ સાફજ હોય.ન્યાયતંત્રની કડક ભુમિકા રાજકારણીઓ, માફીયાઓ અને દેશના અમલદારો પર મજબુત કડપ ઉભો કરવો જરુરી છે.આઝાદી આવ્યા બાદ થોડાક ચુકાદાને બાદ કરતાં પુરાવાના અભાવે આવા અનેક લોકો છુટી ગયા છે.ન્યાયતંત્રે જ આવા ભ્રષ્ટ લોકોને અરીસો બતાવવો પડશે.

જો કે તામિલનાડુના રાજ્યપાલે રાજકીય ગરમાવાનો અંત લાવતાં નવા મુખ્યમંત્રી તરીકે શપથ લેવા માટે પનર સેલ્વમને આમંત્રણ આપ્યું નહોતું પરંતુ પલાની સ્વામીને મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કરાવ્યા હતા.અને તેમણે તેમના ૩૧ સાથીઓ સહિત મંત્રી મંડળને શપથ અપાવ્યા.હવેથી તામિલનાડુના મુખ્યમંત્રી તરીકે અને શશીકલાના ખાસ વિશ્વાસુ તરીકે તેઓ કામ કરશે. જો કે તેઓ જયલલિતાના સમયમાં પણ તેમના વિશ્વાસુ રહી ચુક્યા છે.

પનીર સેલ્વમ જેઓએ શશીકલાના માટે માર્ગ મોકળો કરવા રાજીનામું આપેલું અને પાછળથી તેમણે પોતાની પાસે વધુ સભ્યો હોવાનો દાવો કરીને મુખ્યમંત્રીપદ માટેનો દાવો કરેલો પરંતુ તેમની પાછળ રહેલા રાજકીય પીઠબળે માત્ર પોતાનું અસ્તિત્વ તામિલનાડુમાં ઉભુ કરવા માટે આ નાટક કર્યુ હોવાનું દેખાઈ આવે છે. હવે જ્યારે પનીર સેલ્વમ અને તેમના સાથીઓને પક્ષમાંથી બરખાસ્ત કરવામાં આવ્યા છે ત્યારે તેમની પાસે એક માત્ર સહારો તેમને પીઠબળ આપનારનો છે.

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# ભાજપના નેતાઓને ચુંટણી ટાણે ધર્માંતર અને હિંદુત્વ અને મંદિરનો મુદ્દો યાદ આવે છે પછી બધું ભુલી જાય છે

ભારતીય જનતા પાર્ટીના ગાંધીનગર ખાતે પધારેલા કેન્દ્રીય રાજ્ય મંત્રી ગિરિરાજસિંહે આવા જ એક પ્રકારનું નિવેદન ફટકાર્યુ હતું.'' દેશમાં હિંદુઓની વસ્તી ઘટી રહી છે.વસ્તી નિયંત્રણ માટે કાયદાની જરુર આવશ્યકતા છે.વિપક્ષ ટેકો આપે તો ભારત સરકાર ચોક્કસપણે વસ્તી નિયંત્રણ કાયદો બનાવશે. અને તેનો દેશમાં અમલ કરાવાશે'' કોગ્રેસને સત્તા પરથી ઉથલાવવા માટે નસબંધીનો બહુ મોટો પ્રચાર કરાયો હતો.સંજય ગાધીએ નસબંધી ફરજીયાત કરી હોવાનો હોબાળો,વિગેરે જે તે વખતની ચુંટણી પ્રચારના અગત્યના મુદ્દાઓ હતો. અને તે મુદ્દાઓ ચુંટણીમાં ચાલ્યા હતા અને એનડીએની સરકાર સત્તા પર આવી હતી.હવે આવા નેતાઓને વસ્તી નિયંત્રણ માટે કાયદાની જરુર છે.અને તેમને વિપક્ષનો ટેકો જોઈએ છે.

આ ઉપરાંત કેન્દ્રીય રાજ્ય ગૃહમંત્રી એ નિવેદન આપ્યુ હતું કે ભારતમાં હિંદુઓની વસ્તી ઘટી રહી છે તેનું કારણ તેમણે ધર્મપરિવર્તન કહ્યુ હતું.જો કે આ પ્રકારના નિવેદનો દેશમ્ ધર્મને આધારિત વોટબેકો ઉભી કરવા ભાજપ વારંવાર આવા મુદ્દાઓને હવા આપતું હોય છે.વિપક્ષે તેનો વળતો જવાબ પણ આપ્યો હતો.તે વખતે ગિરિરાજસિંહે કિરણ રિજ્જુના નિવેદનને સમર્થન આપ્યું હતું.તેમણે કહ્યુ હતું કે ભારતમાં સૌથી વધુ ખ્રિસ્તીઓ દ્વારા ધર્માંતરણ થઈ રહ્યું છે.આ વટાળપ્રવૃત્તિને કારણે આઝાદી સમયે ૧૯૪૭માં ૯૦ ટકા જન સંખ્યા ધરાવતા હિંદુઓની વસ્તીમાં ૧૮ ટકા ઘટાડો જોવા મળ્યો છે.૭૨ ટકા હિંદુઓની વસ્તી ૨૦૨૫માં ૫૦ ટકાએ પહોચી જશે તેવું ચિત્ર દેખાઈ રહ્યુ છે.જેની સામે અલ્પસંખ્યકોની વસ્તી વધી રહી છે.ભારતમાં સૌથી વધુ ધર્માંતરણ ખ્રિસ્તીઓમાં થઈ રહ્યુ છે.તેને અટકાવવા માટે વસ્તી નિયંત્રણ એકટની આવશ્યકતા છે.

# ચુંટણી પંચે કેન્દ્રીય મંત્રીને માત્ર ઠપકો આપી ચેતવણી આપી જવા દીધા

ચુંટણી પંચે સંરક્ષણ મંત્રી અને ભાજપના સિનિયર નેતા મનોહર પારિકરને ચુંટણી સભાઓમાં બેજવાબદાર રીતે ભાષણ્ ન કરવા માટે ચેતવણી આપી હતી.તમારુ નિવેદન ચુંટણીની આચારસંહિતાનો ભંગ કરે છે તેમ કહીને ચુંટણી પંચે તેમને ઠપકો આપ્યો છે. ઉલ્લેખનીય છે કે ગોવામાં પ્રચાર વખતે તેમણે મતદારોને સભાઓમાં હાજર રહેવા માટે રુપીયા ૫૦૦ લેવા ખોટું નથી તેમ કહ્યુ હતું.જો કે પૈસા લઈને પણ વોટ તો ભાજપને જ આપવો જોઈએ તેવી ઉશ્કેરણી તેમણે કરી હતી.

આજ પ્રમાણે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પણ મતદારોને નાણાં સ્વીકારવા અને મત તેમને આપવો જોઈએ તે પ્રકારના નિવેદનો જે પારિકરના નિવેદન જેવા મળતા જ આવે છે તેને ધ્યાનમાં લઈને કેજરીવાલને ચુંટણી પંચે તેમના પક્ષની માન્યતા રદ કરવાની ચીમકી આપી હતી. જ્યારે ભાજપના કેન્દ્રીય મંત્રીને માત્ર ચેતવણી આપી હતી.પારિકરની ઉશ્કેરણી જનક ટિપ્પણીઓ નાના કરે તે પાપ અને મોટા કરે તે લીલા માં ખપી છે.




## વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધું પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# ઇસરોના એક રોકેટથી ૧૦૪ ઉપગ્રહ છોડાયા : વિદેશી ઉપગ્રહોને સફળતાપુર્વક ભ્રમણકક્ષામા તરતા મુકાયા

ભારતે એક સાથે ૧૦૪ ઉપગ્રહ લોન્ચ કરીનો ઈતિહાસ રચ્યો છે.ઈસરોએ ત્રણ ભારતીય અને અન્ય ૧૦૧ વિદેશી ઉપગ્રહને અવકાશમાં તેમની ભ્રમણકક્ષામાં સફળતા પુર્વક તરતા મુકીને આ અભુતપુર્વ સિધ્ધિ હાંસલ કરી છે.સૌથી આધારભુત એવા પોલાર રોકેટ મારફતે આ તમામ ઉપગ્રહ છોડવામાં આવ્યા હતા.

ઈસરો (ઈન્ડીયન સ્પેસ રીસર્ચ ઓરર્ગેનાઈઝેશન એ ચેન્નાઈથી ૧૦૦ કી.મી. દુર આવેલા શ્રી હરિકોટા ખાતેના સતીષ ધવન સ્પેશ સેન્ટર ખાતેથી તેના પોલાર સેટેલાઈટ લોન્ચ વ્હિકલની મદદથી ભારતના હવામાન સબંધિત કાર્ટોસેટ-૨ સિરીઝના ઉપગ્રહ અને ૧૦૩ નાના ઉપગ્રહને ૩૦ મીનીટના અંતરમાં તેમની ચોક્કસ ભ્રમણકક્ષામાં તરતા મુક્યા હતા.પીએસએલવીની આ સતત ૩૮મી સફળતા છે.સૌથી વધુ ઉપગ્રહ છોડવાના હતા છતાં ઈસરોએ સૌથી ઓછા ૨૩ કલાકના કાઉન્ટડાઉન બાદ આ સફળ લોન્ચીંગ કર્યુ હતું.એક સાથે સૌથી વધુ ઉપગ્રહ છોડવાનો રેકોર્ડ રશિયાના નામે હતો. રશિયાએ ૨૦૧૪માં એક સાથે ૩૭ સેટેલાઈટ લોન્ચ કર્યા હતા.મોટા ભાગના ઉપગ્રહ પૃથ્વીની તસવીરો વધુ સારી રીતે લઈ શકાય તે માટેના છે.જયારે ભારતનો કાર્ટોગ્રાફિક સેટેલાઈટ હાઈ રેઝોલ્યુશન ઈમેજ લેવા માટે સક્ષમ છે.

કાર્ટોસેટ-૨ સીરીઝનો સેટેલાઈટ રિમોટ સેન્સીંગ સ્પેશક્રાફ્ટ છે. જે પાંચ વર્ષ સક્રિય રહેશે.અને સમુદ્ર કિનારાના વિસ્તારોને લગતી હાઈરેઝોલ્યુશન ઈમેજ મોકલશે.તેના દ્વારા સમુદ્ર કિનારાની કેટલી જમીનનો ઉપયોગ કરી શકાય તેનુ નિયમન,રોડ નેટવર્ક મોનિટરીંગ, પાણીનું વિતરણ,જમીનના ઉપયોગના નકશા તૈયાર કરવા સહિતની કામગીરીમાં ઉપયોગી થશે.ભારત સેટેલાઈટનું કોમશિયલ લોન્ચીગ વિશ્વમાં સૌથી સસ્તુ છે.જેનો અન્ય દેશો લાભ લે છે.

# નલિયાકાંડ બાબતે વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાના નિવેદને ભાજપમાં ખળભળાટ

ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ કરેલા નિવેદનમાં ભાજપના નેતાગીરી પર ચાબખા માર્યા હતા.તેમની શૈલીમાં તેમણે કહ્યુ હતું કે સત્તાના નશામાં શબાબ અને કબાબના શોખીન એવા ભાજપના આગેવાનોએ ટુરીઝમના નામે કચ્છને સેક્સનું હબ બનાવી દીધું છે.તેમણે કહ્યુ હતું કે અગાઉ વિધાનસભામાં બ્લુ ફિલ્મ જોતાં પકડાયેલા ગુજરાતના ભાજપ સરકારના મંત્રી સહિતના ડઝનબંધ મંત્રીઓ અને આગેવાનો નલિયા સેક્સ કાંડમાં ખરડાયેલા છે.મારી પાસે એની સીડી છે.પણ હું કોઈના ચારિત્ર્યહનનમાં માનતો નથી.એટલે નામો જાહેર કરતો નથી.

કચ્છ-નલિયા સેક્સકાંડમાં ભાજપની ચાલ, ચારિત્ર્ય સર્વોચ્ચ સ્થાને બેઠેલાની ચાલ,ચારિત્ર્ય,વાંકોચુકો ચહેરો કલંકથી ખરડાયેલા હોય અને જેમણે બેન દીકરીઓની આબરુ લેવામાં પાછી પાની ના કરી હોય, તેમના કુસંસ્કારો ભાજપના કાર્યકરો-આગેવાનોમાં ઉતરવા સ્વાભાવિક છે.એમાં ઘણી વખતે એમ થાય કે આ પાર્ટી બની જ ના હોત તો ઘણુ સારુ.જેના મુળ આરએસએસ એના પ્રચારકોમાં જેના મુળ અપરિણિત રહેવામાં અને દેશની સેવા કરવામાં એમને મળતાં સંસ્કાર સત્તાના નશામાં સુંદરી અને શબાબ અને કબાબમાં હોઈ હડ્ડી ન બને તેની પુરી ચિંતા, એ પાર્ટીએ બેન દીકરીની આબરુ લુંટવામાં એ પણ પક્ષના નામે સહેજ પણ મર્યાદા રાખી નથી. કચ્છને પર્યટન સ્થળ બનાવી તેમાં બંધાતા તંબુઓ સેક્સ લીલા માટે તાંણી બાંધ્યા હોય તેમ લાગે છે.કચ્છ-ભુજની આર્ટિટેક નિર્દોષ છોકરીને પોતાની હવસલીલા સંતોષવા માટે પાછલા દરવાજેથી લાવવામાં આવે,એની તબિયત ખરાબ હોય તોય ડોકટરને ના બોલાવાય એ તો માનવતાની હદ વટાવી કહેવાય.આવા લોકોએ ડુબી મરવું જોઈએ એને બદલે તેઓ ચારિત્ર્યની વાતો કરે છે.એમ શંકરસિંહ વાઘેલાએ કહ્યુ હતું.

શંકરસિંહે કહ્યુ હતું કે ભાજપના ઉમા ભારતીએ હમણાં જ યુપીની ચુંટણી સભામાં એમ કહ્યુ હતું કે બળાત્કારીઓની ચામડી ઉતારી લેવી જોઈએ. ત્યારે મારે એમને કહેવું છે કે સેક્સકાંડમાં ભાજપના પુર્વ મુખ્યમંત્રી બાબુલાલ ગોર સંડોવાયા હતા.ભાજપના એક મંત્રી વિધાનસભામાં અશ્લિલ વીડીયો ફિલ્મ જોતા પકડાયા હતા.એમના નામો નલિયાકાંડમાં ખુલ્યા છે.ભાજપના પુર્વ સાંસદ બાબુ કટારા બીજાની પત્નીને પોતાની પત્ની બતાવી કબુતરબાજી કરતાં પકડાયા.પાટણમાં પીટીસી કોલેજમાં બળાત્કાર કાંડ જેવી અનેક બાબતો બની છે.તો ઉમા ભારતી આવા નમુનાઓની ચામડી ઉતારીને તેમાં મરચુ મીઠુ ભભરાવશે.

તેમણે કહ્યુ કે આઠમી માર્ચે વિશ્વ મહિલા દિને વડાપ્રધાન મોદીની હાજરીમાં મહાત્મા મંદિર ખાતે મહિલા સરપંચ સંમેલનના નામે ગળામાં આઈકાર્ડ ભરાવાના કાર્યક્રમથી બહેનો દુર રહે. એવી હું બહેનોને અપીલ કરુ છું.ભારતીય જનસંઘના પંડિત દીનદયાલ ઉપાધ્યાયની પુણ્યતિથીએ આવી જ રીતે બહેનોના ગળામાં ઓળખપત્રો પહેરાવાયા હતા.

હવે દિવસો દિવસે નલીયાકાંડ ચારેબાજુ પ્રસરતું જાય છે અને ગુજરાતમાં ઠેર ઠેર આ મુદ્દે મહિલા સંગઠનો અને વિરોધ પક્ષોએ ભારે હોબાળો મચાવ્યો છે.


## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-



## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.